નવી બાબત ૨૦૨૦-૨૧

કુલ ૧૦ સરકારી કન્યા છાત્રાલયોના મકાન બાંધકામ માટે સને ૨૦૨૦-૨૧ની ગ્રાન્ટ આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજનામાંથી પુર્ણ રાજ્ય યોજના હેઠળની તબદીલ કરવા બાબત રૂ.૧૧૩૫.૫૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સકછ/૧૦૨૦૧૯/૫૮૦૬૦૪/ન.બા.૧૮/ગ

સચિવાલય, ગાંધીનગર

તા.૦૪/૦૭/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૨૭/૧૨/૨૦૨૧૯નો પત્ર ક્રમાંક: અ.જા.ક./૧-ગ/૧૦૨/૧૯-૨૦/ ૧૧૩૯૬-૯૭

ઠ રા વ:

અનુસૂચિત જાતિની વિદ્યાર્થિનીઓનાં વાલી આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત હોવાથી ધોરણ-૧૦ પછી તેમના સંતાનોના અભ્યાસ ચાલુ ન રાખી શકતાં હોવાથી આવી વિદ્યાર્થિનીઓને સમાજના અન્ય હરોળની સાથે શિક્ષણની તક મળે, ઉચ્ચ અભ્યાસ કરવા પ્રેરાય અને ઉચ્ચ શિક્ષણના કેન્દ્રો ખાતે રહી અભ્યાસ કરી શકે તે માટે સરકારશ્રી દ્વારા સરકારી કન્યા છાત્રાલયો ચલાવવામાં આવે છે. નિયામકશ્રી(અ.જા.ક.)ના તા.૨૭/૧૨/૨૦૧૯ના પત્રથી કુલ ૧૦ સરકારી કન્યા છાત્રાલયોની બાંધકામ યોજના આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજનામાંથી પુર્ણ રાજ્ય યોજના હેઠળની તબદીલ કરી નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ના અંદાજપત્રમાં સમાવેશ કરવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જેની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ કુલ ૧૦ સરકારી કન્યા છાત્રાલયોને આંશિક કેન્દ્ર પુરસ્કૃત યોજનામાંથી પુર્ણ રાજ્ય યોજના હેઠળની તબદીલ કરી બાંધકામ માટે રૂ.૧૧૩૫.૫૦ લાખની નવી બાબતને વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧. સરકારી કન્યા છાત્રાલય, અમરેલી જિ. અમરેલી રૂ. ૦.૫૦ લાખ

૨. સરકારી કન્યા છાત્રાલય, બોટાદ જિ. બોટાદ રૂ. ૧૦૦.૦૦ લાખ

૩. સરકારી કન્યા છાત્રાલય, વઢવાણ જિ. સુરેન્દ્રનગર રૂ. ૧૦૦.૦૦ લાખ

૪. સરકારી કન્યા છાત્રાલય, પાટણ જિ. પાટણ રૂા. ૧૨૫.૦૦ લાખ

૫. સરકારી કન્યા છાત્રાલય, પોરબંદર જિ. પોરબંદર રૂા. ૧૦૦.૦૦ લાખ

૬. સરકારી કન્યા છાત્રાલય, ગાંધીનગર જિ. ગાંધીનગર રૂા. ૧૮૫.૦૦ લાખ

૭. સરકારી કન્યા છાત્રાલય, મહુવા, જિ. ભાવનગર રૂા. ૧૨૫.૦૦ લાખ

૮. સરકારી કન્યા છાત્રાલય, વલ્લભવિદ્યાનગર – ૧(સંકુલ-૧) જિ. આણંદ રૂા. ૧૫૦.૦૦ લાખ

૯. સરકારી કન્યા છાત્રાલય, વલ્લભવિદ્યાનગર – ૨(સંકુલ-૨) જિ. આણંદ રૂા. ૧૫૦.૦૦ લાખ

૧૦. સરકારી કન્યા છાત્રાલય, લુણાવાડા, જિ. મહીસાગર રૂા. ૧૦૦.૦૦ લાખ

ઉક્ત વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે:

(૧) નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧માં થયેલ બજેટ જોગવાઇ અને તેની સામે નાણાં વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી(અ.જા.ક.)એ તાત્કાલિક પ્રવર્તમાન S.O.R. મુજબ નક્શા-અંદાજો રજૂ કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

(૩) રેલવે, નેશનલ હાઇવે ઓથોરીટી, પુરાતત્વ ખાતું, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, સ્થાનિક સત્તામંડળ વગેરે જેવી ઓથોરીટીની મંજૂરી જરૂરી હોય તેવા કિસ્સામાં આવી મંજૂરી મેળવ્યા બાદ જ બાંધકામ અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે.

(૪) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઇઓનું પાલન કરવાનું રહેશે.

(૫) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) શક્ય હોય ત્યાં પ્રસ્તુત બાંધકામમાં ગ્રીન બિલ્ડીંગના અભિગમનો પણ અમલ કરવાનો રહેશે.

(૭) મંજૂર થયેલ અંદાજોમાં કોઇ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવવાની પૂરતી તકેદારી રાખવાની રહેશે.

(૮) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૯) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૧૦) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૧૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) નાણા વિભાગના તા.૦૬/૦૬/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:ખરચ-૧૦૨૦૧૦-૧૧૮-ઝ-૧થી અપાયેલ કરકસરની સૂચનાઓ અનુસાર ખર્ચ થાય એ નિયામકશ્રી(અ.જા.ક)એ સુનિશ્ચિત કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ વિભાગના માંગણી નં-૯૫, મુખ્ય સદર- ૪૨૨૫ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર-૨૭૭ શિક્ષણ, પેટા સદર- 03 SCW-૩૧ સરકારી કુમાર/કન્યા છાત્રાલયોનુ બાંધકામ હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૬/૦૬/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ.રાજેશ આર. બલદાણિયા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦